ગાંધીનગર સમાચાર

## @ગાંધીનગર

● કલા ગુર્જરી ગાંધીનગર દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૪૭મી જન્મજયંતિ નિમિત્તે રવિવારના રોજ સવારના ૬.૧૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ સામે હરિયાળી લોનમાં સુર અને શબ્દથી ગાંધી ભાવ વંદના જે પીડ પરાઈ જાણે રેનો કાર્યક્રમ યોજાશે.

● તાવરિયાજી ગ્રૂપ દ્વારા સવારના ૮ થી ૯ કલાક દરમિયાન સે-૧૨, બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસનથી નિઃશુલ્કપણે સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ યોજાશે.

● રાજભવન ખાતે સાંજે ૪ કલાકે રાજયપાલ ડૉ. ઓ.પી. કોહલીના હસ્તે 'મહાત્મા ગાંધી ટુ મોદી' પુસ્તકના વિમોચનનો કાર્યક્રમ યોજાશે.

## પૂ. ઈન્દિરાબેટીજીએ વૈષ્ણવ સંપ્રદાયનો વૈભવ વધાર્યો છે

ગાંધીનગર, તા.૧

પૂ. ઈન્દિરાબેટીજી નિત્યલીલામાં પધારતાં તેઓને સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર (એસવીવીપી) ગાંધીનગરના જિલ્લા પ્રમુખ પ્રકાશ એચ. શાહ અને શહેર પ્રમુખ જશવંત ગાંધીએ શોકાંજલી પાઠવતાં જણાવ્યું છે કે પૂ. જીજીના જવાથી સમસ્ત વૈષ્ણવ સંપ્રદાયને ભારે ખોટ પડી છે. તેઓશ્રીએ વૈષ્ણવ સંપ્રદાયનો વ્યાપ અને વૈભવમાં વધારો કરીને સમગ્ર વિશ્વમાં દેદીપ્યમાન બનાવ્યો છે. પૂ. જીજીના આત્માને ચીર શાંતિ મળે તેવી પ્રાર્થના.

## નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના બંધ થાંભલા ચાલુ કરવા રજૂઆત

ગાંધીનગર, તા.૧

શહેરના નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના કેટલાક થાંભલા હજુ પણ બંધ હાલતમાં છે. નવરાત્રીના પ્રારંભે આ બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. વોર્ડ ૮ના કાઉન્સીલર પ્રવિણાબેન વોરાએ વિદ્યુત વિભાગમાં અધિક્ષક ઈજનેરને આ અંગે રજુઆતમાં જણાવ્યા અનુસાર સે-૧, ૨, ૩ અને ૪માં સ્ટ્રીટ લાઈટના બંધ થાંભલાઓ ત્વરીત ચાલુ કરવા તેમજ બગીચાઓના પણ બંધ થાંભલા અજવાળુ પાથરે તેવી વ્યવસ્થા કરવાની અનિવાર્યતા છે.

## સંસ્કાર ગ્રૂપ દ્વારા શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ કરાશે

ગાંધીનગર, તા.૧

સંસ્કાર ગ્રૂપ ગાંધીનગર દ્વારા ગાંધી જયંતિ અન્વયે પ્રાણી સપ્તાહ નિમિત્તે જિલ્લાની શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨ થી ૮ ઓકટોબર દરમિયાન ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં કવીઝ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વન્યજીવોનું મહત્વ, નવરાત્રીનું મહત્વ અને ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન સહિતના અનેક કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમોના અંતે વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

# વી કેર ફાઉન્ડેશન દ્વારા સે-૧ના તળાવની સફાઈ હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૧ તળાવ ખાતે અંદરની તેમજ બહારની સાઈડ નગરના વી કેર ફાઉન્ડેશનના ૩૦ સભ્યોએ આજે સવારે સ્વચ્છતા અભિયાન ચલાવીને તળાવને ચોખ્ખુ ચણક કરી દીધુ છે. સેકટર-૧ તળાવમાં અતિશય ગંદકી અંગે અનેક ફરિયાદો સેકટરના વસાહતીઓ દ્વારા લખિત તેમજ મૌખિક ફરિયાદ કરવામાં હતી. પરંતુ તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ ના આવતા આખરે સિનિયર સિટીઝનો દ્વારા સફાઈ કરાઈ હતી. મનપા દ્વારા તળાવની અંદર તેમજ બહાર ડસ્ટબીન મુકવામાં આવે તેવી માંગ વસાહતીઓમાં ઉઠવા પામી છે.

સમગ્ર ભારતભરમાં વડપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત કેમ્પેઈન ચલાવામાં આવી રહ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરને પણ સ્વચ્છ કરવા તંત્ર કમરકસી રહ્યું છે છતા નગરને જાણે ગ્રહણ લાગ્યું હોય તેમ સ્વચ્છતાની જગ્યાએ દિન પ્રતિદિન ગંદકીમાં ગરકાવ થઈ રહ્યું છે. ગાંધીનગર ગંદકી નગર બની રહ્યું છે. શહેરના સેકટર-૧ના તળાવની અંદર તેમજ બહાર ગંદકીના ઢગ ખડકાયા હતા. તળાવમાં રોજ સવારે મોર્નીંગ વોક માટે આવતા સિનિયર સિટીઝનોએ અનેકવાર મનપા તંત્રને સફાઈ અંગે લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હતી છતા યોગ્ય નિરાકરણ ન આવતા આખરે વી કેર ફાઉન્ડેશનના ૩૦ જેટલા સભ્યોએ આજે સવારે ૩ કલાકની ભારે જહેમત બાદ સેકટર-૧ના તળાવને ચોખ્ખુ ચણક કરી દીધુ હતું. સેકટર-૧ના તળાવની સફાઈ જોઈ અન્ય નાગરીકો પણ દંગ રહી ગયા હતા અને વી કેર ફાઉન્ડેશનના હોદ્દેદારોને બિરદાવ્યા હતા. તળાવમાં ગંદકીના ફેલાય તે માટે સ્ટેન્ડ સાથે ડસ્ટબીન અંદર તેમજ બહાર જરૂરીયાત પ્રમાણમાં તંત્ર દ્વારા મુકવામાં આવે તેવી વસાહતીઓમાં લોકમાંગ ઉઠવા પામી છે.

## બીચ હેન્ડબોલની ભારતીય ટીમમાં સાઈના બુટારામ અને અભિષેક સોનવણેનો સમાવેશ

ગાંધીનગર, તા.૧

વિયેટનામ ખાતે હજુ ગઈકાલે જ બીચ એશિયન ગેમ્સ ચેમ્પિયન શીપનું સમાપન થયું. આ ટુર્નામેન્ટમાં ભારતની બીચ હેન્ડબોલ ટીમે ભાગ લીધો હતો. જેમાં ગુજરાતના બે ખેલાડીઓ પસંદગી પામ્યા હતા. જે બંને ગાંધીનગરની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ખેલાડીઓ છે.

ગાંધીનગર સાઈના હેન્ડબોલના ખેલાડી બુટારામ અને અભિષેક સોનવણેની એશિયન બીચ હેન્ડબોલ ટીમ માટે પસંદગી થઈ હતી. બુટારામ તો અગાઉ નેશનલ લેવલે અનેક ટુર્નામેન્ટમાં ભાગ લઈ ચુકયો છે અને ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કરી ચુકયો છે. ગત વર્ષે કેરલ ખાતે રમાયેલ નેશનલ ગેમ્સમાં બીચ હેન્ડબોલની ગુજરાતની ટીમે એક માત્ર સિલ્વર મેડલ જીત્યો હતો જેમાં બુટારામનું પ્રદર્શન પ્રસંશનીય હતું. બીચ એશિયન ગેમ્સ વિયેટનામ ખાતે રમાય છે તેમાં કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ સહિતની કેટલીક રમતોનો સમાવેશ કરાય છે. તા. ૨૩મી સપ્ટેમ્બરથી તા. ૩૦મી સપ્ટેમ્બર સુધી રમાયેલ આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમમાં પસંદગી પામીને બંને ખેલાડીઓએ શહેરનું ગૌરવ વધાર્યું છે. બંને ખેલાડીઓ છેલ્લા પાંચ વર્ષથી સાઈના જાણીતા હેન્ડબોલ કોચ શશિમોહન ધુમાલ પાસે તાલીમ મેળવી રહ્યાં છે.

## ગાંધીનગરમાં સોમવારે ડેન્ટલની ૧૪ બેઠકો માટે રીકાઉન્સેલીંગ થશે

ગાંધીનગર, તા.૧

રાજયની મેડીકલ કોલેજ તેમજ ડેન્ટલ કોલેજની મેનેજમેન્ટ કવોટાની ખાલી બેઠકો માટે તાજેતરમાં ગાંધીનગર હોસ્પિટલ સંકુલ ખાતે કાઉન્સિલીંગ કરવામાં આવ્યું હતું. જેમાં ડેન્ટલ (બીડીએસ)ની ૨૩૩ બેઠકો માટે આવેલ ઉમેદવારોમાંથી મેરીટ પ્રમાણે ૧૨૧ વિદ્યાર્થીઓએ એડમીશન મેળવ્યા હતા. આ એડમીશનમાંથી ૧૪ વિદ્યાર્થીઓએ વિડ્રોવ કરી જતા રહેતા આ ૧૪ બેઠકો માટે સોમવારના રોજ રીકાઉન્સિલીંગ કરવામાં આવશે. આ બેઠકો માટે અંદાજીત મેરીટ પ્રમાણે ૬૦૦ થી વધુ ઉમેદવારો હાજર રહે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. જયારે ડેન્ટલની ખાલી રહેલી જગ્યાઓ જે તે કોલેજ તેમજ સેન્ટ્રલ એડમીશન કમિટીને પરત કરવામાં આવી છે.

ગુજરાત રાજયની ખાનગી તેમજ સરકારી કોલેજમાં મેનેજમેન્ટની જગ્યાઓ ભરવા માટે તાજેતરમાં ગાંધીનગર હોસ્પિટલ સંકુલના ઓડીટોરીયમ ખાતે કાઉન્સિલીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેનેજમેન્ટ કવોટામાં મેડીકલની તમામ ૩૯૬ બેઠકો મેરીટ પ્રમાણે ભરાઈ ગઈ હતી. જયારે ડેન્ટલ વિભાગના મેનેજમેન્ટ કવોટાની ૨૩૩ બેઠકો માટે મેરીટ આધારે કાઉન્સિલીંગ કરવામાં આવ્યું હતું જેમાં ૧૨૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. ત્યારબાદ એડમીશન મેળવ્યા બાદ ૧૪ વિદ્યાર્થીઓએ વિડ્રોવ કરી લેતા આ ૧૪ બેઠકો માટે આગામી સોમવારના રોજ હોસ્પિટલના સંકુલમાં કાઉન્સિલીગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયભરમાંથી અંદાજે મેરીટ આધારે ૬૦૦ થી વધુ ઉમેદવારો આવી શકે તેવી શકયતાઓ છે. મેરીટ આધારે વિડ્રોવ થયેલી ૧૪ બેઠકો ભરવામાં આવશે તેમ આધારભુત સુત્રો દ્વારા જાણવા મળ્યુ છે. જયારે ખાલી રહેલી બેઠકો જે તે કોલેજ તેમજ અન્ય બેઠકો સેન્ટ્રલ એડમીશન કમિટીને પરત કરવામાં આવી છે. ડેન્ટલ વિભાગની ખાલી રહેલી બેઠકો જોઈને તંત્રના નિષ્ણાંતો પણ ચિંતિત જણાયા છે.

## વાતવાતમાં

● વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો દેખાતા શેરી ગરબા સહિતના શહેરના તમામ નવરાત્રિ આયોજકો ચિંતામાં મુકાયા હતા. દિવસ દરમિયાન શેરી ગરબાના આયોજકોએ તાત્કાલિક તેમના મંડપ સરખા કરી વોટરપ્રુફ કરવાની તજવીજ હાથ ધરી હતી.

● નવરાત્રિના પ્રથમ દિવસે શહેરના સે-૨૧ના ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર તથા સે-૨૪ અને સે-૭ના શોપીંગ સેન્ટરો પર માતાજીનો શણગાર તથા પૂજાપો ખરીદવા શ્રધ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. યુવા ગરબા પ્રેમીઓએ તેમના ડ્રેસીસથી માંડીને ટેટુ ચિતરાવવા કે બ્યુટિ ટ્રીટમેન્ટ વગેરે માટે દોડધામ કરી હતી.

● ગાંધી જયંતિના પૂર્વ દિને શહેરની અનેક શાળાઓમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. આ સાથે પ્રાથમિક શાળાઓમાં પરીક્ષાઓ લગભગ પૂર્ણ થઈ જતા બાળકોમાં નવરાત્રિ માણવાનો ઉમંગ છવાયો હતો.

## સે-૧૬ પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા સામાજીક સમરસતા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧

આજ રોજ ગાંધીનગરના સે-૧૬માં સરકારી પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા અને સામાજીક સમરસતા અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સવારે ૭.૩૦ કલાકે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સે-૧૬માં બેનર સાથે રેલી કાઢી તથા શાળામાં સામુહિક સફાઈ કરી હતી. ત્યારબાદ સ્વચ્છતા અંગેના શપથ શાળામાં પધારેલ મહેમાનો તથા શાળાના બાળકોને લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જાણીતા કોલમિસ્ટ સંજય થોરાત, સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા તથા અનિલ પરમાર, જયેન્દ્રભાઈ પટેલ વગેરે જોડાયા હતા. એડવોકેટ પ્રદિપસિંહ વાઘેલા, વિજયસિંહ માજીરાણા તથા અનિલભાઈ પરમારે વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

અંતે શાળાના આચાર્યા અરૂણભાઈ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનો આભાર વ્યકત કર્યો હતો.

## સે-૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા માંગ

ગાંધીનગર, તા.૧

રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા સેકટર-૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં સ્ટ્રીટ લાઈટના દસ થાંભલા બંધ હાલતમાં હોવાથી ત્વરીત આ વિસ્તારમાં અજવાળુ પથરાય તેવી વ્યવસ્થા ગોઠવણ કરવામાં આવી છે. રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલના જણાવ્યા મુજબ સેકટરના આંતરિક વિસ્તારમાં હજુ પણ ઘણા ઠેકાણે સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં જોવા મળી રહી છે. સે-૨૫ સૂર્યનારાયણ સોસાયટીના બગીચામાં ઘણા સમયથી સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં છે. બંધ સ્ટ્રીટ લાઈટો ત્વરીત ચાલુ કરવા તેમણે માંગ કરી છે.

## નેશનલ હાઇવે પર પ્રાંતિયા નજીક એક્ટીવા ખાડામાં પડતાં એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧

અમદાવાદ ખાતે રહેતા વૃધ્ધ નાનીને એક્ટીવામાં બેસાડીને ગઈ કાલે બપોરે ભાણો ગાંધીનગર નજીક ગિયોડ મંદિરે દર્શન લઈ ગયો હતો. દર્શન કરીને બંને પરત નેશનલ હાઈવે નં. ૮ પરથી જઈ રહ્યા હતા ત્યારે પ્રાંતિયા નજીક એક્ટીવાને અકસ્માત નડયો હતો. ઓવરટેક દરમ્યાન સામેથી બસ આવતા જોઈને એક્ટીવા સાઈડમાં કરવા જતા ખાડામાં પડી ગયુ હતુ. આ ઘટનામાં નાનીને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલાઈઝ્ડ કર્યા હતા. મોડી રાત્રે સારવાર દરમ્યાન વૃધ્ધ નાનીનું મૃત્યુ નિપજ્યુ હતુ. ડભોડા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદ સ્થિત નવા નરોડા ખાતે રહેતા વિવેક હેમલકુમાર વ્યાસ નરોડા ખાતે રહેતા ૬૫ વર્ષિય વૃધ્ધ નાની ભગવતીબેન કનૈયાલાલ વ્યાસને પોતાના એક્ટીવામાં બેસાડીને ગઈ કાલે ગાંધીનગર ચિલોડા નજીક આવેલા ગિયોડ મિની અંબાજી મંદિરે દર્શન કરવા લઈને આવ્યો હતો. દર્શન કરીને નાની અને ભાણો બંને એક્ટીવા પર બપોરે નેશનલ હાઈવે પરથી પરત નરોડા જઈ રહ્યા હતા. તે દરમ્યાન પ્રાંતિયા ગામની સીમ પાસે આગળ જતા વાહનની ઓવરટેક કરવા જતા સામેથી આવતી બસ બેફામ આવતી જોઈને વિવેકે એક્ટીવા સાઈડમાં લીધુ અને રોડની સાઈડમાં ખાડામાં એક્ટીવા પડી જતા અકસ્માત સર્જાયો હતો. એક્ટીવા ખાડામાં પડતા નાની ભગવતીબેનને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ગંભીર હાલતમાં તેમને અમદાવાદ બાપુનગર સ્થિત એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. મોડી રાત્રે અઢી વાગ્યે સારવાર દરમ્યાન ભગવતીબેનનુ પ્રાણપંખેરુ ઉડી ગયુ હતુ. મૃતકનાં દિકરા કેતનકુમારની ફરિયાદને આધારે ડભોડા પોલીસ મથકના જમાદાર વનરાજસિંહે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## વાવોલ ખાતે ફિઝિયોથેરેપી સારવાર કેમ્પ યોજાયો

### સી.એમ. પટેલ ફિઝિયોથેરેપી કોલેજના તબીબો દ્વારા આયોજન : ગામના ૬૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી કોલેજ દ્વારા તાજેતરમાં નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ વાવોલની ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં આશરે ૬૦થી વધુ દર્દીઓનું નિદાન ચકાસણી કરી જરૂરિયાત મુજબની સારવાર આપવામાં આવી હતી.

શહેરના સે-૧૨માં સિવિલ હોસ્પિટલ સંકુલ પાસે આવેલ સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી દ્વારા કોલેજના તબીબ પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ વાવોલ ખાતે યોજેલ કેમ્પમાં સેવાઓ આપી હતી. આ કેમ્પમાં બેક પેઈન, સ્ટ્રોક, પેરાલિસીસ વગેરે જેવા રોગોનું નિદાન કરી દર્દીઓને જરૂરિયાત મુજબની સારવાર તેમજ યોગ્ય જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વાવોલ ગામના ગ્રામજનોએ ઉમળકાથી ભાગ લીધો હતો.

આ ફિઝિયોથેરેપી નિદાન સારવાર કેમ્પમાં કુલ ૬૧ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. સમગ્ર કેમ્પમાં દર્દીઓને ચકાસવાની તથા સારવાર આપવાની સેવાઓ ડૉ. કુશાંગી પશુવાળા તથા ડૉ. પાર્થ ત્રિવેદીએ આપી હતી. કેમ્પના આયોજન માટે ફિઝિયોથેરેપી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કે. વેદિપનાથને માર્ગદર્શન પુરું પાડયું હતું. કોલેજની ટીમનો વાવોલના સરપંચ તથા ગ્રામજનોએ આભાર વ્યકત કર્યો હતો.

આગામી તા. ૭મી ઓકટોબરથી અમદાવાદ ખાતે કબડ્ડી વર્લ્ડકપનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જેમાં વિશ્વના અલગ અલગ દેશો ભાગ લઈ રહ્યા છે. આ વર્લ્ડકપના પ્રસારણ હક્કો ધરાવતી ટીવી ચેનલ દ્વારા ગાંધીનગરની અલગ અલગ સોસાયટીઓમાં જઈ રહીશોને કબડ્ડી રમાડી તેના વિશે વધુ માહિતગાર કરવામાં આવી રહી છે. કુડાસણ ખાતે આવેલી રાધે રેસીડેન્સી ખાતે ગતરોજ આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પુરુષો, મહિલાઓ અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ ભારતની આ પ્રાચીન અને પરંપરાગત રમતનો આનંદ ઉઠાવ્યો હતો. સાથે સાથે ઓનલાઈન ટીકીટ બુકીંગ પણ કરવામાં આવ્યું હતું.

# મંત્રોચ્ચારોના ધ્વનિ સાથે શકિતપર્વ નવરાત્રીનો રંગેચંગે પ્રારંભ

### શુભમુર્હુતમાં ઘટસ્થાપન કરી માં દુર્ગાના પ્રથમસ્વરૂપ શૈલપુત્રીનું પૂજન કરાયું : આજે પણ એકમ જ હોવાથી પ્રથમ સ્વરૂપ જ પૂજાશે : આલીશાન શામીયાણાં વચ્ચે રાસ ગરબાની રમઝટો બોલી

ગાંધીનગર, તા.૧

જગત જનની જગદંબાના મહાપર્વ નવરાત્રીનો આસો સુદ એકમથી શકિત, ભકિત, આરાધના અને ગરબા રાસની રમઝટ સાથે રંગેચંગે મંગલ શુભારંભ થયો છે. શુભ મુર્હુતમાં માતાજીનું ઘટસ્થાપન કરી જગદંબાના પ્રથમ સ્વરૂપ શૈલ પુત્રીના પૂજન અર્ચન કરાયા હતા. રાજયભરના દૈવિ મંદિરોમાં આદ્યશકિતની ઉપાસના, આરાધના અને અનુષ્ઠાનનો મંગલ પ્રારંભ થયો છે. તેમજ કેટલાક દેવીભકતોએ સ્વગૃહે માતાજીના અનુષ્ઠાન, જપ, તપ અને વ્રતની ધાર્મિક વિધિ વિધાનથી શરૂઆત કરી છે. આજે પણ એકમ જ હોવાથી પ્રથમ સ્વરૂપ જ પૂજાશે અને તેના ઓવારણાં લેવાશે. નવરાત્રીના પ્રારંભની પ્રથમ નવલી નવરાતે માતાજીના ચાચરચોકમાં તેમજ આયોજન સ્થળોએ બાંધેલા આલીશાન શામીયાણામાં રોશનીના ઝગમગાટ વચ્ચે ખેલૈયાઓએ રાસ ગરબાની રમઝટ બોલાવીને અનેરો ઉત્સાહ દર્શાવ્યો હતો.

નવ દુર્ગાનું માતૃશકિત પ્રગટ કરતું મહાન પર્વ નવરાત્રીનો ધાર્મિક માહોલમાં મંગલ પ્રારંભ થયો છે. શ્રધ્ધાળુઓ તેમજ પૂજન અર્ચન, જપ-તપ, વ્રત-અનુષ્ઠાન કરનારે સંકલ્પ લઈ પોતાનું આ ધાર્મિક કાર્ય શુભ મુર્હુતમાં આરંભી દીધું હતું. માં જગદંબાના પ્રથમ સ્વરૂપ શૈલપુત્રીનું વિધિપૂર્વક પૂજન અર્ચન કરી પુર્ણભકિત ભાવથી આરાધના કરી હતી. બે અકમનો સંયોગ રચાતા આજે પણ શૈલપુત્રીના સ્વરૂપનું જ પૂજન અર્ચન કરવામાં આવશે. માં શૈલપુત્રીના પૂજનથી વ્યકિત ધનધાન્યથી સંપન્ન રહે છે અને સુખ સુવિધાની ઉણપ વર્તાતી નથી.

વૈદિક મંત્રોચ્ચારના ધ્વનિ સાથે પ્રારંભ થયેલા આદ્ય શકિતના પર્વમાં મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને મહાકાલીના મૂળ સ્વરૂપોની નવ દિવસ પૂજન કરનાર ઉપાસક તમામ બંધનોથી મુકત બની ધન-ધાન્ય, પુત્ર લાભ અને અપાર સંપત્તિનો માલિક બને છે. આસો નવરાત્રી ધાર્મિકતાની સાથે ઉત્સવ તરીકે પણ ઉજવાય છે. જેમાં પ્રથમ રઢીયાળી રાતે માતાજીના ચાચર ચોક, નિવાસસ્થાન નજીક અને આયોજન સ્થળોએ મોટી સંખ્યામાં ગરબા રસીકો ઉમટી પડયા હતા અને ગરબા રાસની રમઝટ બોલાવી હતી. માં દુર્ગાના આ પર્વને લઈને નાના-મોટા સૌ કોઈમાં અનેરો ઉત્સાહ વર્તાઈ રહ્યો છે.

## પેથાપુર મહાલક્ષ્મી નવરાત્રી યુવક મંડળના હોદ્દેદારોની વરણી

તાજેતરમાં શ્રી મહાલક્ષ્મી નવરાત્રી યુવક મંડળ દ્વારા પેથાપુર ખાતે વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં ચાલુ વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે જનકભાઈ ભાવસાર, ઉપપ્રમુખ તરીકે સુરેશભાઈ શર્મા, મંત્રી તરીકે નટુભાઈ દરજી, સહમંત્રી તરીકે નટુભાઈ સોની, ખજાનચી તરીકે દિલીપભાઈ પટ્ટણી, ઓડીટર તરીકે અંકિતભાઈ ભાવસાર, મેનેજર તરીકે સુધાકરભાઈ વેલ્ડર અને સલાહકાર તરીકે સુરેન્દ્રભાઈ પુરોહિતની વરણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત કારોબારી સભ્યો માટે નરેશભાઈ શર્મા, આકાશભાઈ સોની, મહેશભાઈ કંસાટા, અજયભાઈ ચાવડા, જયેશભાઈ પંચાલ, કમલેશભાઈ આચાર્ય, રાજુભાઈ ભાવસાર, મીનાબેન ભાવસાર અને અમીષાબેન ભાવસારની વરણી કરાઈ હતી.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર બચુજી ગુલાબજી, ઉ.વ. ૭૨
- સ્વ. રબારી સરતાનભાઈ રામાભાઈ, ઉ.વ. ૬૬